અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઘી-માવાની મીઠાઈમાં મીલાવટ સામે લાલ આંખ

અરવલ્લી, તા. ૨૬

અરવલ્લી-સાબરકાંઠા બબ્બે જિલ્લાનો ચાર્ચ સંભાળતા વિભાગના કર્મચારીઓ કચેરીમાં વર્કીંગ દિવસ દરમિયાન જોવા મળતા નથી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની રહેમ નજર હેઠળ કે પછી નિષ્ક્રિય કામગીરીના લીધે બન્ને જિલ્લામાં મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં મોટા પાયે ઘી-માવાની મીઠાઈના મિલાવટખોરોને વિભાગના છૂટા દોરને કારણે બખ્ખા થઈ ગયા છે. બન્ને જિલ્લાની પ્રજાના આરોગ્ય સાથે ગંભીર ચેંડા થઈ રહ્યા છે. કલેક્ટર દ્વારા પ્રજાના હિતમાં વિભાગના કર્મચારીઓને ફરજ નીભાવવા કર્મયોગીના પાઠ ભણાવાય તે જરૂરી બની રહ્યું છે. થોડાક સમય અગાઉ મોડાસાની એક મીઠાઈની દુકાનમાં અખાદ્ય મીઠાઈનો જથ્થો મળી આવ્યો હોવા છતાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કોઈ જ નક્કર પગલા ન ભરાતા બન્ને જિલ્લાના મીઠાઈના વેપારીઓ બેફામ બની ગયા છે.

દિવાળીના તહેવારનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. રવિવારથી દિવાળી શરૂ થઈ રહી છે. બજારમાં ભેળસેળ યુક્ત ફરસાણ અને મીઠાઈના થોક લાગી ગયા છે. બન્ને જિલ્લામાં પ્રજાજનોની સ્વાસ્થ્ય સાથે ચેંડા કરી આરોગ્ય જોખમાય તે રીતે ગુણવત્તાહીન માવા અને ઘી-તેલનો છૂટથી દૂર ઉપયોગ કરતી દુકાનોની રીતસરની હાટડીઓ ખડકાઈ ગઈ છે. પ્રતિબંધિત કલર અને એસેન્સનો મીઠાઈઓ બનાવવા ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવા એસેન્સ વેચાણ કરવાની પરવાનગી ન ધરાવતા વેપારીઓ પણ વેચાણ કરી રહ્યા છે. બિન આરોગ્યપ્રદ અખાદ્ય પદાર્થોનું વેચાણ થઈ રહ્યુ હોવા છતાં જવાબદાર ઔષધ અને ખોરાક નિયંત્રણ વિભાગ દ્વારા અગમ્ય કારણોસર આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. દિવાળી તહેવારો ટાણે વિભાગ દ્વારા બન્ને જિલ્લામાં ખાદ્ય ભેળસેળ અંતર્ગત કોઈપણ જાતની કાર્યવાહિ કરવામાં આવી નથી. કાયદાનું કોઈ જ નિયંત્રણ ન હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કચેરીમાં મોટેભાગે કાગડા ઉડે છે. કર્મચારી અધિકારી જોવા મળતા નથી. ફૂડ ઈન્સ્પેક્ટરો અને ડ્રગ્સ ઈન્સ્પેક્ટરો દ્વારા શુ કામગીરી થઈ રહી છે તેનું પૃથ્થકરણ કરી કલેક્ટર દ્વારા પ્રજાના હિતમાં પગલા લેવાય તે જરૂરી બની રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મોડાસા શહેરના માલપુર, મેઘરજ અને શામળાજી રોડ પર મીઠાઈ-ફરસાણના મોટા અને લાઈટીંગથી ઝગમગતા અને ભોળી પ્રજાને ગેરમાર્ગે દોરતા શૉરૂમ જેવી દેખીતી દુકાનો ખોલી મીઠાઈ અને ફરસાણમાં મિલાવટખોરી કરી નકલી માવા-ઘી અને તેલનો બેફામ ઉપયોગ કરી તંત્રના અધિકારીઓની આંખમાં ધૂળ નાખી અથવા રહેમનજર હેઠળ શહેરીજનોના સ્વાસ્થ સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. બન્ને જિલ્લામાં ફૂડ ઈન્સ્પેક્ટરો દ્વારા ફક્ત કાગળીયાઓ દ્વારા જ કામગીરી હાથ ધરાતી હોય તેવું અનુભવાઈ રહ્યું છે. મોડાસા શહેરના ગણેશપુરા વિસ્તારથી લઈ કોલેજ રોડ સુધી અખાદ્ય પદાર્થોનો વેપલો કરતા સ્ટોલનો ખડકલો ખડકાઈ ગયો છે.

અલ્પેશ ઠાકોરનો હુંકાર : ૬ નવેમ્બરે વ્યસન મુક્તિ માટે ગાંધીનગરમાં યોજાશે વિધાનસભા ઘેરાવો

સરહદી બનાસકાંઠા જીલ્લો આજ કાલ રાજકીય એપી સેન્ટર બની રહયું છે રાજકારણ નો અવાજ સમગ્ર રાજય મા ફેલાવો હોય તો બનાસકાંઠા જીલ્લા નો આસરો લેવો જરૂરી બન્યું છે તેમજ વિધાનસભા નજીક આવતા રાજકીય આગેવાનો બનાસકાંઠા માં વારંવાર નવા નવા કાર્યક્રમ યોજી જિલ્લા માં રાજકીય તંબુ નાખી પોતાની રાજનીતિ ને મજબૂત કરી રહયા છે પાલનપુર તાલુકા ના લાલાવાડા ગામે આજે ઠાકોર સમાજ ની વિશાલ સભા અલ્પેશ ઠાકોર ના અધ્યક્ષ સાથે યોજાઈ હતી આગામી છઠી નવેમ્બર ના રોજ વિધાનસભા માં વ્યસન મુક્તિ ને લઈને કડક કાયદો બને તે હેતુ સામાજિક જાગૃતિ સાથે સમાજ ને રાજકીય જાગૃત લાવી વ્યસન મુક્તિ નામે રાજનીતિ કરવાના પાઠ જિલ્લા ના નિષ્ક્રિય રાજકીય આગેવાનોએ અલ્પેશ ઠાકોર પાસેથી હવે શીખ લેવી જોઈએ આજે ઠાકોર સમાજ દ્વારા પાલનપુર તાલુકા ના લાલાવાડા ગામે વિશાલ સભા યોજાયા બાદ પાલનપુર શહેરમાં અલ્પેશ ઠાકોર એ રેલી યોજી જિલ્લા સેવા સદન ખાતે નાયબ નિવાસી કલેકટર ને આવેદન પત્ર આપ્યું હતું મીડિયા સાથે ની વાત ચીત અલ્પેશ ઠાકોર એ જણાવ્યું હતું કે રાજય ના ભ્રષ્ટ નેતાઓ અને અધિકારી તેમજ ખાખી અને ખાદી ની મીલીભગત લીધે દારૂ નુંદુષણ વધી રહયું છે વ્યસન મુક્તિ કાયદા ના લઈને ૧૫ લાખ થી વધુ લોકો એકત્ર થવાના છીએ જો અમને ન્યાય નહિ મળે તો સરકાર ને આગામી સમય માં સિંહાસન ખાલી કરવું પડશે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત બનાવેલા શૌચાલયમાં ગેરરીતીના આક્ષેપો

ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત બનાવવામાં આવેલા શૌચાલયોની કામગીરીમાં હલકી કક્ષા ગુણવત્તાવાળા બન્યા હોવાનું પ્રજામાં ચર્ચાનું જોર બનવા પામ્યુ છે. તેમાં મોટી ગેરરીતી થયાનું બહાર આવવા પામ્યુ છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નીયામક દ્વારા જવાબદાર પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે. લાભાર્થી પાસેથી શૌચાલય બનાવવાના પૈસા લેવામાં આવી રહ્યા છે તેમજ શૌચાલય બનેલા હોય તેવા વ્યક્તી જોડે સાંઠગાંઠ કરી તેને જુના બતાવેલ શૌચાલય પર પૈસા પાસ કરવાના કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે. ઉંડાણના વિસ્તારોમાં આવેલા ગામડાઓમાં માત્ર નામનું શોશ ખાડા કરવા તેમજ હલકી ગુણવત્તા ટબ, મરઘા ટાઈલ્સ છત ઉપર પતરા નાખવામાં આવી રહ્યા છે. અધિકારીઓની મીલી ભગતના કારણે પોલ ખુલવા પામી છે.

ઊંઝામાં કાર અને એક્ટીવા ટકરાતાં સર્જાયેલ અકસ્માત

ઊંઝા, તા. ૨૬

ઊંઝા ખાતે આસ્થા બંગ્લોઝમાં રહેતા ગજજર હિતેન્દ્ર મંગળદાસ સવારના સમયે એક્ટીવા પર જઈ રહ્યા હતા ત્યારે પાટણ રોડ પર આઈસર ગાડી નં. જીજે.૧. બીવી.૨૨૫૫ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને એક્ટીવાને ટક્કર મારી હતી. જેથી એક્ટીવા પર બેઠેલ એક વ્યક્તિને ઈજાઓ થઈ હતી. અકસ્માત કરી આઈસર ગાડી ભાગી છુટી હતી.

જ્યારે અકસ્માતના બીજા બનાવમાં ઊંઝા તાલુકાના મોહનપુરા (રણછોડપુરા) ગામના અજીતજી ગણેશજી ઠાકોર મોટર સાયકલ પર પોતાની માતાને બેસાડીને જઈ રહ્યા હતા ત્યારે મોહનપુરા પ્રાથમિક શાળા પાસે મોટર સાયકલ નં. જીજે.૨-બી. એમ.૪૬૪૮ના ચાલકે બેફિકરાઈથી વાહન હંકારીને મોટર સાયકલને ટક્કર મારતાં ફરિયાદીની માતાને પગે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત સર્જીને વાહન હંકારી ચાલક નાસી છુટ્યો હતો.

એસટીના કામદારોને એરીયર્સના નાણાં ચુકવવા માંગ

મહેસાણા, તા. ૨૬

એસટી કર્મચારી મંડળ (ઈન્ટુક)ના મહેસાણાના ઉપાધ્યક્ષ કે.બી. કલાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, દિવાળીના આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે એસ.ટી. નિગમના કામદારોને છઠ્ઠા પગાર પંચના એરીયર્સના ૩૩ મહિનાના તફાવતના નાણાં હજી ચુકવવામાં આવ્યા નથી. વર્તમાન મુખ્યમંત્રી અને પૂર્વ વાહન વ્યવહાર મંત્રીએ જે તે સમયે એસ.ટી.ના પડતર પ્રશ્નો અંગે બાંહેધરી આપી હતી.

એસ.ટી. નિગમના ડ્રાઈવર કંડક્ટર, મિકેનિક સ્ટાફ પોતાના પરિવાર સાથે દિવાળીનો તહેવાર મનાવી શકે તે માટે સત્વરે બાકી એરીયર્સ ચુકવી દેવા માંગણી કરી છે. તેમણે વધુમાં એસ.ટી. નિગમના નિવૃત્ત કામદારોને રૂપિયા ૧૮૦૦ થી ૨૨૦૦ સુધી નજીવું પેન્શન મળે છે તે અંગે ઘટતુ કરવા સરકારને વિનંતી કરી છે.

ઊંઝા બસ સ્ટેન્ડ પર પાણીની નાની ટાંકીથી સર્જાતી હાલાકી

ઊંઝા, તા. ૨૬

ઊંઝા ખાતે નવિન એસ.ટી. બસ સ્ટેશનમાં મુસાફર જનતાને પીવાના પાણી માટે ભૂગર્ભ ટાંકી બનાવવામાં આવી છે. આ ટાંકીની ક્ષમતા જરૂરીયાત કરતાં સાવ ઓછી હોઈ મુસાફરોને પીવાના પાણી માટે વલખાં મારવા પડે છે.

જાણવા મળ્યા મુજબ અત્રે નવા બસ સ્ટેશનમાં જે પાણીની ભૂગર્ભ ટાંકી બનાવાયેલ છે તેની બાજુમાં જ અગાઉના જૂના બસ સ્ટેશનની પાણીની ભૂગર્ભ ટાંકી હાલ હયાત છે. જેથી આ ટાંકીનું રીનોવેશન કરીને તેના પાણીનો મુસાફરો માટે ઉપયોગ થઈ શકે તે માટે સંબંધિત અધિકારીઓએ સત્વરે યોગ્ય કરવું જોઈએ તેવું મુસાફરો ઈચ્છે છે.

વધુમાં નવિન બસ સ્ટેશનમાં પીવાના પાણી માટેની પરબમાંથી કોઈ શખ્સો રાત્રીના સમયે નળ (ચકલીઓ)ની ઉઠાંતરી કરી રહ્યાની પણ ફરિયાદ ઉઠી છે.



ધાનેરામાં તાલુકા યુથ કોંગ્રેસ માટે મતદાન કરવામાં આવ્યું હતું. જેની મતગણતરી થતાં ધાનેરા તાલુકાના જોરાપુરા ગામના હરચંદભાઈ ચેનાભાઈ રબારી ૫૩ માટે ભવ્ય વિજયી બનતા વિજયોત્સવ માનવવા આવ્યો હતો અને લોકોએ હરચંદભાઈ ને ફુલહાર પહેરાવી સ્વાગત પણ કર્યું હતું. તો બીજી તરફ હરચનભાઈ લોકોનો તેમજ પાર્ટીનો આભાર પણ માન્યો હતો.

દાંતકરોડી ગામે યોજાશે અનોખી "સમૂહ દિવાળી"

ગાંધીનગર, તા. ૨૬

દાંતકરોડી પંદરગામ કડવા પાટીદાર સમાજ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી અનોખી "સમૂહ દિવાળી ઉજવવામાં આવે છે, જેમાં પોતાના વતનથી વ્યવસાયઅર્થે વિમુખ થયેલા ૧૦૦ જેટલા પરિવારો સાથે મળીને સતત ચાર દિવસ નવીન રીતે ઉત્સવ ઉજવે છે. અને સાથે સાથે રચનાત્મક કાર્ય પણ કરે છે.

સતત છઠ્ઠા વર્ષે વતનથી વ્યવસાય અર્થે વિમુખ થયેલા પરિવારો દ્વારા સમૂહ દિવાળી મનાવાય છે

મહેસાણા નજીક પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં આવેલ નાનકડા દાંતકરોડી ગામે આ સમૂહ દિવાળી થકી નવી પેઢીને ફરીથી પોતાના વતન, પોતાની સંસ્કૃતિ અને પોતાના તહેવાર સાથે જોડવાનું પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

આ વર્ષે સતત છઠ્ઠી સમૂહ દિવાળીનું દાંતકરોડી ગામે આયોજન કરાયું છે. આ કાર્યક્રમ તા. ૨૯મી ઓક્ટોબરે કાળી ચૌદશે રાત્રે ૮ કલાકે પરિવારોના પરિચય તથા હસી-ખુશી અને મનુભાઈ આર્કિટેકના કાર્યક્રમથી પ્રારંભ થશે. તા. ૩૦મીના દિવસે દિવાળીએ સવારે ૯ કલાકે 'દિવાળી બા પ્રવેશદ્વાર'નું ઉદ્ઘાટન તથા સ્વામી કેવલાનંદ સરસ્વતિની ઉપસ્થિતિમાં સામાજિક સમરસતા રેલી યોજાશે. ત્યારબાદ સમાજના વડીલોનું સન્માન કરાશે અને બપોરે ભોજન બાદ રમત-ગમત હરિફાઈ, સામુહિક ગાગડી કાઢવી તેમજ ફટાકડા-આશતબાજી યોજાશે તેમજ રાત્રે ગરબાનો કાર્યક્રમ યોજાશે. તા. ૩૧મીએ નૂતનવર્ષના દિવસે સવારે ૬ કલાકે મા ઉમાની મહાઆરતી યોજાશે, ૮ કલાકે વીરબાપજીના દર્શન માટે પદયાત્રા અને ખેતરોના ખોળે નાસ્તો યોજાશે, ૧૦ કલાકે સ્નેહમિલન, બપોરે ૨ કલાકે પુરાણી દ્વારા પંચાંગ વાંચન ત્યારબાદ મોટેરાઓની રમતો યોજાશે. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ઈનામ વિતરણ યોજાશે. તા. ૧લી નવેમ્બર ભાઈબીજના દિવસે સવારે ૯ કલાકે રમતો તથા તજજ્ઞ દ્વારા જીવન ઉપયોગી પ્રવચન યોજાશે. આ સમૂહ દિવાળી દરમ્યાન ગામમાં આવેલ બ્રહ્માણી માતાજીના મંદિરના ગેટના નિર્માણનું રચનાત્મક કાર્ય હાથ ધરવા તજવીજ કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાંસ્કૃતિક કાર્યક્રમમાં વેશભૂષા, ગીત-નૃત્ય, અભિનય, મિમિક્રી ઉપરાંત રમતોમાં કોથળાદોડ, લંગડી જોડદોડ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, લોટફૂંક, દોરડા ખેંચ, માટલા ફોડ, કબડ્ડી, વૉલીબોલ અને બહેનો માટે રંગોળી સ્પર્ધા, ગૃહ સુશોભન સાથે યુવા પરિણિત યુગલોને રમતો રમાડાશે.

નિર્ણય અયોગ્ય

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જવાબદારી નક્કી કરે છે. ઈમેઈલમાં સાયરસ મિસ્ત્રીએ લખ્યું છે કે, બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ પોતાને સર્વોચ્ચ ગણી શકે નહીં. તેમની તરફથી એક શબ્દ બોલવા અને પોતાની તરફેણ કરવાની તક આપ્યા વગર ચેરમેનને બદલી દેવાની બાબત અયોગ્ય છે. આ નિર્ણય કોર્પોરેટ ઈતિહાસમાં અલગ પ્રકારનો નિર્ણય છે. આ પ્રકારના નિર્ણય અગાઉ ક્યારે થયા નથી. પૂર્વ ચેરમેને કહ્યું હતું કે, અચાનક કાર્યવાહી અને સ્પષ્ટીકરણના અભાવથી દરેક પ્રકારની અફવાઓને હવા મળી રહી છે. આના કારણે તેમની સાથે સાથે તાતા ગ્રુપની કંપનીઓની પ્રતિષ્ઠાને પણ મોટો ફટકો પડ્યો છે. સાયરસ મિસ્ત્રીએ તાતા ગ્રુપ ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા છે.

કોર્પોરેટ જગતમાં સાયરસ મિસ્ત્રીની હકાલપટ્ટીની ચર્ચા જોવા મળી રહી છે ત્યારે અટકળોનો દોર ચાલી રહ્યો છે. તેમનું કહેવું છે કે, ઈન્ડિયન્સ હોટેલ્સ, તાતા મોટર્સ પેસેન્જર કાર, તાતા સ્ટીલ યુકે, ટેલિકોમ બિઝનેસ અને મુંદ્રા યુએમપીપી લીગેસી હોટસ્પોટ તરીકે છે. તેમનું કહેવું છે કે, ખુબ જ ઈમાનદારીપૂર્વક તમામ કામ કર્યું હતું. બિનલાભપ્રદ કારોબારમાં રોકાણના પરિણામ સ્વરુપે જંગી આવક થઈ હતી. તાતા સન્સ બોર્ડ દ્વારા સોમવારના દિવસે મિસ્ત્રીની હકાલપટ્ટી કરવામાં આવી હતી. ગ્રુપ દ્વારા આ સંદર્ભમાં કોઈ કારણો આપવામાં આવ્યા ન હતા. રતન તાતા અને શક્તિશાળી ટ્રસ્ટ તરફથી વિશ્વાસ ગુમાવી દેતા આ નિર્ણય કરાયો હતો. મિસ્ત્રીનું કહેવું છે કે, જુદી જુદી પ્રતિક્રિયાઓ આવવા માટે પણ ઘણા કારણો છે. તેમનું કહેવું છે કે, તેમના પૂર્વગામી રતન તાતા દ્વારા કરવામાં આવેલો નિર્ણય ખુબ જ કઠોર અને અયોગ્ય હતો. બોર્ડના સભ્યો અને ટ્રસ્ટને મિસ્ત્રીએ ઈમેઈલ કરીને આક્ષેપો કર્યા છે. મિસ્ત્રીનું એણ પણ કહેવું છે કે, રતન તાતા અને લોર્ડ ભટ્ટાચાર્ય દ્વારા કરવામાં આવેલી ઓફરને સ્વિકારવાનો શરૂઆતમાં તેમણે ઈન્કાર કર્યો હતો પરંતુ ઉમેદવાર નહીં હોવાના કારણે તેમને આ ઓફર આપી દેવામાં આવી હતી. રતન તાતા તરફથી સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવી હતી. જો કે, આ વાત મોડેથી શક્ય દેખાઈ ન હતી. મોડેથી નિમણૂંક કરી દેવામાં આવ્યા બાદ તાતા ટ્રસ્ટે એસોસિએશનના નિયમોમાં ફેરફાર કર્યા હતા.

ભાવનગરના ટીંબીમાં ટ્રસ્ટની હોસ્પિટલમાં

મોતિયાના ઓપરેશન બાદ બે વ્યક્તિને ફરીથી ઈન્ફેકશન

ભાવનગરમાં ઈન્ફેકશનના કારણે બે લોકોએ મોતિયાના ઓપરેશન બાદ આંખ ગુમાવી હોવાના અહેવાલ ભારે સનસનાટી મચી ગઈ છે. ભાવનગરના ઉમરાળા નજીક આવેલી ટ્રસ્ટની એક હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન કર્યા બાદ આઠ જેટલા દર્દીઓને ઈન્ફેકશન લાગતા તે પૈકીના બે દર્દીએ એક એક આંખ ગુમાવ્યાના પ્રાથમિક અહેવાલ મળી રહ્યા છે. ભોગગ્રસ્ત દર્દીઓને ભાવનગર ખસેડ્યા બાદ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા જ્યાં બે દર્દીઓની એક એક આંખ કામ કરતી બંધ થઈ હોવાના અહેવાલો આજે પ્રાદેશિક ચેનલમાં બ્રેકીંગ થયા હતા. આ ઘટના કોઈ આકસ્મિક કારણોસર બની હોવાનું પ્રાથમિક તારણ છે. આ અંગે ઉપલબ્ધ વિગતો મુજબ ઉમરાળા નજીકના ટીબીમાં નિર્દોષાનંદ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ આવેલી છે. સેવા ભાવનાથી ચાલતી આ હોસ્પિટલ આ પંથકના દર્દીઓ માટે આર્શિવાદ રૂપ છે. અહીં એક સપ્તાહ પૂર્વે આઠ જેટલા મોતિયાના દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યા હતા. આ દર્દીઓને કોઈ કારણોસર ઈન્ફેકશન લાગતા દોડધામ મચી હતી તે પૈકી બે થી ત્રણ દર્દીઓની સ્થિતી વધુ નાજુક ગણાતા ભાવનગર સારવાર માટે ખસેડવામાં આવેલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયેલ જે પૈકીના બે દર્દીઓએ એક એક આંખ ગુમાવી પડી હોવાના પ્રાથમિક અહેવાલો મળી રહ્યા છે. આ અંગે ટીબી હોસ્પિટલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો સંપર્ક થઈ શક્યો ન હતો. આ સમચારા આજે વાયુવેગે ફેલાઈ ગયા હતા. બીજી તરફ પ્રાદેશિક ન્યુઝ ચેનલોએ પણ આ અહેવાલ આજે બ્રેક કર્યા હતા. જ્યારે અમારા સુત્રો પાસેથી ઉપલબ્ધ વિગતો મુજબ ભોગગ્રસ્ત દર્દીઓમાં ધોળાના કોઈ વિપ્ર દર્દી અને સિહોરના અન્ય બે દર્દીઓનો સમાવેશ થાય છે. જો કે આ અંગે હજુ સુધી સત્તાવાર સમર્થન સાંપડ્યુ નથી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. પરંતુ ટીબીની હોસ્પિટલમાં અંધાપાકાંડના અહેવાલના પગલે ચકચાર સાથે ખળભળાટ મચી ગયો છે.

પહેલું સુખ... ● ૪ પાનાનું ચાલુ...

શક્ય જ નથી. તો આ નવા વર્ષે સ્વાસ્થ્યના આ ચારેય પાયાઓને મજબૂત કરી સંપૂર્ણ સ્વસ્થતા તરફ પ્રયાણ કરીએ. 'જીવેમ શરદ શતમ્' (આપણે સૌ સો વર્ષનું સંપૂર્ણ સ્વસ્થ જીવન જીવીએ) ની ઉચ્ચ ભાવનાને હૃદયમાં રાખી સૌ વાચકમિત્રોને દિવાળી તેમજ નૂતન વર્ષની આગોતરી શુભેચ્છાઓ...

- contact@atharvaayu.com

અટકળોનો દોર ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જરૂરી બની છે. સમાજવાદી પાર્ટીના કેટલાંક મોટા માથાઓ ભાજપના સંપર્કમાં હોવાથી અને અમિત શાહ સાથે ફાયનલ બેઠક કરવા ઈચ્છતા હોવાથી ઉત્તરપ્રદેશમાં બદલાયેલી સ્થિતિનો મહત્તમ લાભ લઈ શકાય તે માટે અમિત શાહે તાબડતોડ દિલ્હી પાછા ફરવું પડ્યું છે. જ્યારે સુત્રોમાં ચાલતી અન્ય ચર્ચા મુજબ ગુજરાતમાં પાટીદારોને સમજાવવાના પ્રયત્નોની બીજી તરફ પાટીદારોના થોકબંધ થતો કોંગ્રેસમાં કે આમ આદમી પાર્ટી ન જાય તે માટે અમિત શાહની એનસીપીના નેતાઓ સાથે આજે તાબડતોડ મીટીંગ નક્કી થઈ છે. જેના ભાગરૂપે અમિત શાહ અહીનું બધુ કામ પડતું મૂકી દિલ્હી ઉપડી ગયા છે. જ્યાં અગામી વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર પ્રભુત્વવાળા વિસ્તારોમાં એનસીપીના પટેલ ઉમેદવારોને ઉભા કરાવી મતોના વિભાજન કરવાની યોજતા ગોઠવાઈ રહી છે. દરમિયાન સુત્રો એમ પણ જણાવી રહ્યા છે કે, દિલ્હીમાં આ રાજકીય વ્યવસ્તાના વચ્ચે અમિત શાહને થોડો ઘણો પણ સમય બચશે તો ગુજરાતના કેટલાંક બોર્ડ નિગમોમાં નિમણૂકો તથા સંગઠનની સંરચનાનો મુદ્દો પણ હાથ પર લઈ ભાજપના કેટલાંક ધારાસભ્યો, નેતાઓ, તથા અમિત શાહના ટેકેદાર એવા અગ્રણી કાર્યકરોની દિવાળી પણ સુધારી શકાશે. આ સંદર્ભમાં ભાજપના કેટલાંક નેતાઓને દિલ્હીનું તેડુ આવશે તેમ પણ સુત્રો ઉમેરી રહ્યા છે.

નિર્દોષ જાહેર ●

અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલા આક્ષેપોને પડતા મુકવા માટે કર્ણાટક હાઈકોર્ટમાં અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં ગયા હતા પરંતુ સફળતા મળી ન હતી. અપરાધિક કાવતરા, છેતરપિંડી, ફોર્ઝરી અને ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા મામલામાં યેદિયુરપ્પા, તેમના બે પુત્રો, એક જમાઈ અને માઈનિંગ કંપનીના કર્મચારી આરોપી હતા. એવો આક્ષેપ મુકાયો હતો કે, ૨૦૧૦માં યેદિયુપ્પાના પરિવાર અને ફેમિલી ટ્રસ્ટને ૪૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. એવો આક્ષેપ હતો કે, યેદિયુરપ્પા ૨૦૦૮ અને ૨૦૧૧ વચ્ચેના ગાળામાં જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે માઈનિંગ લાયસન્સ સહિત રાજ્ય સરકાર પાસેથી અન્ય ફાયદા લેવા માટે ૪૦ કરોડ રૂપિયાની લાંચ આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૨માં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં સીબીઆઈએ યેદિયુરપ્પા અને અન્ય ૧૨ લોકોને આરોપી બનાવ્યા હતા.

યેદિયુરપ્પા ઉપરાંત તેમના બે પુત્રો ભાજપના એમએલએ બીવાય રાઘવેન્દ્ર, વીબાય વિજેન્દ્ર, જમાઈ સોહનકુમાર, બેલારીની માઈનિંગ કંપનીના ચાર કર્મચારીઓ આરોપીઓ હતા. સીબીઆઈની ચાર્જશીટ મુજબ ૨૦૧૦માં યેદિયુપ્પાના પરિવાર તરફથી ચલાવવામાં આવી રહેલા ટ્રસ્ટને ૪૦ કરોડ રૂપિયાની લાંચ આપવામાં આવી હતી. સીબીઆઈ કોર્ટમાં આ મામલામાં ૨૧૬ સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. સીબીઆઈનું કહેવું છે કે, લાંચની રકમ જેએસડબલ્યુની સહકંપની તરફથી આપવામાં આવી હતી. યેદિયુરપ્પા પરિવાર ઉપર એવો આક્ષેપ પણ હતો કે, લાંચની રકમ છુપાવવા માટે બેંગ્લોર ડેવલપમેન્ટ ઓથોરિટીની નોટિફાઈ કરવામાં આવેલી એક એકર જમીન જેએસડબલ્યુને ૨૧ કરોડમાં વેચી દેવામાં આવી હતી. તપાસ સંસ્થાઓના કહેવા મુજબ આ જમીનની કિંમત માત્ર પાંચ કરોડ રૂપિયા હતી.